# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત

**માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ**

**Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board**

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૧૪** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 14**


પ્રશ્ન - ૧ : પુચ્છિસ્સુંણંના આધારે જવાબ લખો : ૩૦

(ક) નીચેની ગાથાઓ ભાવાર્થ સાથે લખો : (કોઈ પણ પાંચ) (૨૦)

(૧) સુદંસણસ્સેવ ............

જ.૧-ક (૧) સુદંસણસ્સેવ જસો ગિરિસ્સ, પવુચ્ચઈ મહતો પવ્વયસ્સે
એતોવમે, સમણે નાયપુતે જાઈ જસો દંસણ નાણસીલે
આ ઉપમાઓ દ્વારા મહાન સુદર્શન પર્વત ગિરીરાજનો યશ બતાવ્યો છે.
તેવી જ ઉપમાએ શ્રમણ ભગવાન જ્ઞાતપુત્ર શ્રી મહાવીર દેવ જાતિ, યશ,
દર્શન, જ્ઞાન અને શીલે સર્વોત્તમ હતા.

(૨) કિરિયા કિરિયં...........

જ : (૨) કિરિયાકિરિયં વેણઈયાણુવાયં અણાણિયાણં પડિયંચ્ચ ઠાણં
સે સવ્વવાયં ઈ ઈ વેયઈતા, ઉવટ્ઠિએ સંજમ દીહરાયં
કિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી તથા અજ્ઞાનવાદી રૂપ પાખંડી સ્થાનને
જાણીને સર્વ વાદને સમ્યક્રૂપે જાણી ભગવાન મહાવીર યાવત્ જીવન સંયમ
ધર્મમાં સ્થિત થયા

(૩) થણિયં ............

જ : (૩) થણિયં વ સદ્દાણ અણુતરે ઉ, ચંદો વ તારાણ મહાણુભાવે,
ગધેસુ વા ચંદણમાહુ સેટ્ઠ એવં મુણીણં અપડિણણમાહુ
જેમ શબ્દમાં મેઘગર્જના, તારરાઓમાં ચંદ્ર અને સુગંધમાં ચંદન શ્રેષ્ઠ છે. તેમ
મુનિઓમાં લોક પરલોકની આકાંક્ષારહિત શ્રી ભગવાન મહાવીર શ્રેષ્ઠ હતા.

(૪) ઠિઈણ સેટ્ઠા ...........

જ : (૪) ઠિઈણ સેટ્ઠા લવસતમા વા, સભા સુહમ્મા વ સભાણ સેટ્ઠા
ણિવ્વાણસેટ્ઠા જહ સવ્વધમ્મા, ણ ણાયપુતા પરમત્થિં ણાણી.
લાંબી અથવા શુભ સ્થિતિવાળા દેવોમાં લવ સપ્તમ દેવો, સભાઓમાં સોધર્મ સભા
અ ને સર્વ ધર્મોમાં જેમ નિર્વાણ મોક્ષમાર્ગ શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાતપુત્ર મહાવીરથી
પરમશ્રેષ્ઠ જ્ઞાની બીજા કોઈ નથી.

(૫) સે ભૂઈપણ્ણે ............

જ : (૫) સે ભૂઈપણ્ણે અણિએ અચારી ઓહંતરે ધીરે અણંત ચક્ખૂ
અણુતરં તપ્પઈ સૂરીએ વા વઈરોયણિંદે વ તમં પંગાસે
તે ભગવાન મહાવીર અનંત જ્ઞાની, અપ્રતિબદ્ધ વિહારી, સંસાર સાગરને તરનારા,
ધીરજવાન, અનંત જ્ઞાનરૂપ નેત્રવાળા તથા સૂર્ય સર્વથી વિશેષ તપે છે તેમ તેએ
સર્વથી અધિક ઉત્કૃષ્ટ તપ કરતા હતા. જેમ વૈરોચન અગ્નિ અંધકારમાં પ્રકાશ કરે
છે તેમ તેઓ અજ્ઞાન અંધકાર દૂર કરી પ્રકાશ કરનારા હતા.

(૬) ખેયન્ને સે ............

જ : (૬) ખેયન્ને સે કુસલે મહેસી, અણંતનાણી ય અણંતદંસી
જસંસિણો ચકખુપહે ઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચ ધિઇં ચ પેહિ ॥

તે ભગવાન મહાવીર સંસારી જીવોના દુઃખોને જાણતા હતા. કર્મોના છેદનમાં કુશળ, મહાનઋષિ અનંતજ્ઞાની અને અનતદર્શી હતા. તેઓ ઉત્કૃષ્ટ યશવાળા હતા. મોક્ષમાર્ગ પર તેઓના ચક્ષુ સ્થિર હતા. તેમના શ્રુત ચારિત્રરૂપ ધર્મને જાણો તથા ધર્મપાલનની દૃઢ ધૈર્યતાને જુઓ.

**(ખ) નીચેના માગધી શબ્દોના અર્થ લખો : (૫)**

(૧) જહાંતહેણં (૨) ઈસીણ (૩) અચ્ચિમાલી (૪) સણિણાહિં (૫) આણાઉ

**જ : (ખ) (૧) જહાંતહેણં = યથાતથ્ય (૨) ઈસીણ = ઋષિઓના**
**(૩) અચ્ચિમાલી = સૂર્ય (૪) સણિણાહિં = સંગ્રહ**
**(૫) આણાઉ=આયુષ્ય સહિત**

**(ગ) નીચેના સવાલોના જવાબ આપો. (કોઈ પણ પાંચ) (૫)**

(૧) ભગવાને સર્વ પાપસ્થાનોને શા માટે નિવાર્યા ?

**જ : ગ (૧) ભગવાને આલોક અને પરલોકના સ્વરૂપ (ચાર ગતિરૂપ સંસાર)ને જાણીને સર્વ પાપસ્થાનોને નિવાર્યા.**

(૨) કયા સમુદ્રની માફક ભગવાનનું જ્ઞાન કેવું હતું ?

**જ : (૨) સ્વયંભૂરમણા સમુદ્રની માફક ભગવાનનું જ્ઞાન કર્મમળ રહિત નિર્મળ, કષાયથી રહિત તથા ઘાતિકર્મના બંધનથી મુક્ત હતું.**

(૩) જંબૂસ્વામિએ સુધર્મા સ્વામિને શું પૂછયું ?

**જ : (૩) જંબૂસ્વામીએ સુધર્મસ્વામિને પૂછયું કે, હે ભગવાન, શ્રમણો, બ્રાહ્મણો, ગૃહસ્થો તથા અન્ય દાર્શનિકો મને પૂછે છે કે, એકાંત હિતકારી અને ઉત્તમ ધર્મને સમ્યક્ પ્રકારથી કોણે કરેલ છે.**

(૪) હાથીઓમાં અને યૌદ્ધાઓમાં સર્વશ્રેષ્ઠ કોણ ?

**જ : (૪) હાથીઓમાં ઐરાવત અને યોધ્ધાઓમાં વિશ્વસેન (વાસુદેવ) સર્વશ્રેષ્ઠ છે.**

(૫) ભગવાન મહાવીર સિદ્ધગતિમાં કઈ સ્થિતિને પામ્યા ?

**જ : (૫) ભગવાન મહાવીર સિદ્ધગતિમાં સાદિ અનંત સ્થિતિને પામ્યા.**

(૬) ભગવાને ત્રણેય દિશામાં રહેલા પ્રાણીઓનું શું જાણીને સમ્યક્ ધર્મનું કથન કરેલું ?

**જ : (૬) ભગવાને ત્રણેય દિશામાં રહેલા પ્રાણીઓને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય જાણીને પદાર્થોને પ્રકાશિત કરનાર સમ્યક્ ધર્મનું કથન કહરેલ હતું.**

---

**પ્રશ્ન – ૨ :કાયસ્થિતિને આધારે જવાબ લખો : ૩૦**

**(ક) નીચેના બોલોની જઘન્ય ને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો (કોઈ પણ ૧૦) (૧૦)**

(૧) સમુચ્ચય નિગોદ (૨) સકાયી પર્યાપ્તા (૩) દેવતા (૪) પંચેન્દ્રીય (૫) પદ્મલેશ્યા
(૬) ક્ષયોપશમ સમકીત (૭) વિભંગજ્ઞાન (૮) આહારક છદ્મસ્થ (૯) અભાષક સંસારી
(૧૦) અભવસિધ્ધયા (૧૧) અસંજ્ઞી (૧૨) સૂક્ષ્મસંપરાય ચારિત્ર

**જ :૨ (ક) ૧) સમુચ્ચય નિગોદ જ. અંતમુહર્ત ઉ. અનંતોકાળ (અઢી ક્ષેત્ર પુ.પ.)**
**૨) સકાયી પર્યાપ્તા જ. અંતમુહર્ત ઉ. પ્રત્યેક સો સાગર સાધિક**
**૩) દેવતા જ. ૧૦,૦૦૦ વર્ષ ઉ. ૩૩ સાગરોપમ**
**૪) પંચેન્દ્રિય જ. અંતમુહર્ત ઉ. ૧૦૦૦ સાગર સાધિક**
**૫) પદ્મલેશ્યા જ. અંતમુહર્ત ઉ. ૧૦ સાગર ને અ ંત સાધિક**
**૬) ક્ષયોપશમ સમકિત જ. અંતમુહર્ત ઉ. ૬૬ સાગર સાધિક (અધિક)**
**૭) વિભંગ જ્ઞાન જ. ૧ સમય ઉ. ૩૩ સાગર ને દેશે ઊણં પૂર્વક્રોડ અધિક**
**૮) આહારક છદ્મસ્થ જ. ૩ સમય ન્યુન (એક ક્ષુલ્લકભવ)**

ઉ. અસંખ્યાતો કાળ (બાદર કાળ)

૯) અભાષક સંસારી જ. અંતમુહર્ત ઉ. અનંતકાળ (વનસ્પતિકાળ)

૧૦) અભવ સિદધયા જ. ઉ. અનાદિ અનંત

૧૧) અસંજ્ઞી જ. અંતમુહર્ત ઉ. વનસ્પતિકાળ

૧૨) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર જ. ૧ સમય ઉ. અંતમુહર્ત.

**(ખ) નીચેના સવાલોના જવાબ આપો. (કોઈ પણ પાંચ)** (૧૦)

(૧) કાયસ્થિતિ અને ભવસ્થિતિ એટલે શું ?

**જ : ખ (૧)** પૃથ્વીકાય આદિ એક જ કાયનો જીવ તે જ કાયમાં વારંવાર જન્મ-મરણ કરતો રહે. બીજી કાય (અપકાય-તેઉકાયમાં ન ઉપજ ત્યાં સુધીની સ્થિતિ જે કાયસ્થિતિ અને એક ભવમાં જીવ જેટલો કાળ રહે તે તેની ભવસ્થિતિ, પૃથ્વીકાયની ભવસિથતિ જ. અંતઉ ૨૨ વર્ષ.

(૨) કાયસ્થિતિની બીજી ગાથા લખો.

**જ : (૨)** ભાસગ પરિત પજ્જત સુહુમ, સન્ની ભવડથિ ચરિમેય
એસેસિં તુ પચાણં કાયઠિઈ હોઈ નાયવ્વા -

(૩) પુઢવીકાળની વ્યાખ્યા લખો.

**જ : (૩)** દ્રવ્યથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણ કાળ ક્ષેત્રથી અસંખ્યાત લોકના આકાશપ્રદેશ ખાલી થાય તેટલો કાળ. કાળથી અસંખ્યાતો કાળ ભાવથી આંગુલના અસંખ્યાત ભાગના આકાશપ્રદેશ જેટલા લોક.

(૪) અનિન્દ્રિય જીવોની સ્થિતિ શા માટે સાદિ અનંત છે ?

**જ : (૪)** જે જીવો દ્રવ્યેન્દ્રિયો અને ભાવેન્દ્રિયોથી રહિત હોય તે જીવો અનિન્દ્રિય કહેવાય છે. એવા જીવ ૧૩ - ૧૪ ગુણવાળાને સિદ્ધ હોય છે. તેથી તેની કાયસ્થિતિ સાદિ અનંતકાળની છે.

(૫) મનુષ્યની ઉ. કાયસ્થિતિ ૩ પલ્યને પ્રત્યેક ક્રોડપૂર્વ વર્ષની કઈ રીતે બતાવી છે ?

**જ : (૫)** મનુષ્યના અધિકથી અધિક સળંગ આઠ ભવ થાય છે. તેમાં સાત ભવ પૂર્વક્રોડ વર્ષ આયુવાળા અને આઠમો અંતિમ ભવ દેવકુરૂ આદિ જુગલિયાનો થાય. એ પ્રકારે સાત ક્રોડપૂર્વ અધિક ૩ પલ્યોપમ સમજવું. જુગલિયા મૃત્યુ પછી નિયમથી દેવલોકમાં જ ઉત્પન્ન થાય છે.

(૬) જીવ ત્રસકાયમાં જ. અને ઉ. કેટલો કાળ રહી શકે ? કેવી રીતે ?

**જ : (૬)** જીવ ત્રસકાયમાં જ. અંતર્મુહ્ત અને ઉ. ૨૦૦૦ સાગરને સં. વર્ષ અધિક.

**(ગ) સમજાણ સાથે કાયસ્થિતિ લખો.** (૬)

(૧) મનઃપર્યવ જ્ઞાન (૨) ઉપયોગ દ્વાર (૩) ભવસ્થ સયોગી કેવળી અણાહારક

**જ : (ગ)(૧) મનઃપર્યવ જ્ઞાન** જ. સમય ઉ. દેશે ઊણા પૂર્વ ક્રોડ વર્ષ મનઃપર્યવજ્ઞાન સાધુનો તેની પ્રાપ્તિના...... પ્રથમ અંતમુહર્તમાં કાળ થતો નથી, પરંતુ ત્યાર બાદ જ્યારે મનઃપર્યવજ્ઞાનનો ઉપયોગ મૂકે અને તે પ્રથમ સમયે જ કાળ કરે તે અપેક્ષા ૧ સમયની સ્થિતિ બતાવી છે. સંયમ દેશે ઊણો પૂર્વ ક્રોડ વર્ષથી વધારો હોય નહીં તેથી તે ઉ. સ્થિતિ સમજવી.

**(૨) ઉપયોગ દ્વાર :**

| | | | |
|---|---|---|---|
| | સાકાર ઉપયોગ | અંત | અંત |
| | નિરાકાર ઉપાયોગ (અનાકાર) | અંત | અંત |

છદ્મસ્થ જીવનો ઉપયોગ અંતર્મુહ્તમાં સાકારમાંથી અનાકાર અથવા અનાકારમાંથી સાકાર એમ નિયમથી બદલાઈ જાય છે.

(ઘ) નીચેની સ્થિતિ કયા બોલની છે ? ફક્ત નામ લખો (કોઈ પણ ચાર) (૪)

**જવાબ સાથે**(૧) જ. ૧ સમય અને ઉ. ૧૩૨ સાગર સાધિક **જવાબ (૧) અવધિ દર્શન**

(૨) જ. ૧ સમય અને ઉ. ૩ સમય **જવાબ (૨) અણાહારી છદ્મસ્થ**

(૩) જ. ૧૦,૦૦૦ વર્ષ ઉ. ૫૫ પલ્ય **જવાબ (૩) દેવી**

(૪) જ. ૧ સમય ઉ. અનંતકાળ **જવાબ (૪) નપુંસક વેદ**

(૫) જ. ૧ સમય ઉ. ૬ આવલિકા **જવાબ (૫) સાસ્વાદન સમકિત**

---

**પ્રશ્ન – ૩ : બાર તપના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ)** ૧૫

(ક) (૧) ઈત્વરિક અને અવકાલિક અનશન એટલે શું ? (૧૦)

**જ : ક (૧) ઈત્વરિક એટલે મર્યાદિત સમય માટે આહારનો ત્યાગ.**
**અવકાલિક એટલે જાવજીવ આહારનો ત્યાગ.**

(૨) ઉણોદરી તપથી શું લાભ થાય ?

**જ : (૨) ઉણોદરીથી રસેન્દ્રિય જીતાય, કામ જીતાય, નીરોગી થવાય.**

(૩) પ્રશસ્ત કાય વિનય, ભેદ સાથે લખો.

**જ : (૩) પ્રશસ્ત કાય વિનયના ૭ ભેદ, તે યત્નાથી ચાલે, ઊભો રહે, બેસે, શયન કરે, ઓળંગે, વારંવાર ઓળંગે, સર્વ ઈન્દ્રિયો અને કાયાની પ્રવૃત્તિ યત્નાથી કરે.**

(૪) પ્રથમ બે ધર્મકથા અર્થ સાથે લખો.

**જ : (૪) આક્ષેપણી = મોક્ષની નજીક કરે. વિક્ષેપણી = સંસારથી દૂર કરે.**

(૫) ધ્યાન તપ એટલે શું ? તે કેટલા છે ? તેના નામ લખો.

**જ : (૫) કોઈ પણ એક વિષય પર મનની એકાગ્રતા કરવી તે ધ્યાન તપ છે.**
**તે ચાર છે. આર્ત ધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાન.**

(૬) વ્યુત્સર્ગ એટલે શું ? તેના મુખ્ય ભેદના નામ લખો.

**જ : (૬) વ્યૂત્સર્ગ એટલે આત્માથી અલગ પદાર્થોનો ત્યાગ તેના બે ભેદ -**
**(૧) દ્રવ્ય કાયોત્સર્ગ (૨) ભાવ કાયોત્સર્ગ**

**(ખ) નીચેની ક્રિયાથી કયું તપ થાય છે ? માત્ર નામ લખો. (જવાબ સાથે છે)** (૫)

(૧) મૌન રહીને આહાર લે. **જવાબ : વૃત્તિ સંક્ષેપ**

(૨) ઉકડુ આસને બેસવું. **જવાબ : કાયા કલેશ**

(૩) ક્ષમા-વિનીતતા-સરલતા-સંતોષ ધરવા. **જવાબ : પ્રતિ સંલીનતા**

(૪) અરિહંત ભગવાનની સ્તુતિ કરવી. **જવાબ : વિનય તપ (અનાશાતના વિનય)**

(૫) નવદિક્ષિતની સેવા કરવી. **જવાબ : વૈયાવચ્ચ તપ**

---

**પ્રશ્ન – ૪ : સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો.** ૧૦

**(ક) નીચેના સવાલોના જવાબ લખો.**

(૧) કાઉસગ્ગ એટલે શું ? તેનું ફળ શું છે ? (૨)

**જઃ ક : (૧) કાઉસગ્ગ એટલે શરીરને સ્થિર રાખવું અને શરીરના રાગનો ત્યાગ કરવો તેનું ફળ.**
**(૧) આત્મા પાપકર્મના બોજથી હળવો થાય છે. (૨) શુભ ધ્યાનવાળો થાય છે.**
**(૩) સુખ સમાધિમાં રહે છે.**

(૨) આત્માને અનર્થ દંડનું પાપ લાગે તેવા કાર્યો જણાવો. (૨)

**જઃ (૨) જેમ કે વિકથા કહેવી, ખરાબ ખોટો ઉપદેશ આપવો. પાણીનાનળ ખુલ્લા મૂકવા, જરૂર વિના વસ્તુઓની ખરીદી કરવી વગેરે પ્રવૃત્તિઓ અનર્થદંડ કહેવાય છે.**

(ખ) પાઠ પૂર્તિ કરો : તિત્થયરાણં........... અણુતરં (૨)

**જવાબઃ (ખ) તિત્થયરાણં - ઉસભાઈ મહાવીર, પજ્જવસાસાણં, ઈણમેવ, નિર્ગ્રંથ, પાવયાણં, સચ્ચં, આણુતરં**

(ગ) અર્થ લખો :

(૧) અબ્ભણુહણ્ણાએ (૨) ચેઈયં (૩) પરિસોસણયા (૪) વિહરિસ્સામિ (૨)

જવાબ(ગ) (૧) અર્થઃ અબ્ભણુણ્ણાએ = આજ્ઞા (૨) ચેઈયં = આપ જ્ઞાનસ્વરૂપ છો.

(૩) પરિસોસણયા = ઉલેચવાનો વેપાર કર્યો હોય

(૪) વિહરિસ્સામિ = વિચરીશ

(ઘ) માગધી લખો : (૨)

(૧) બંને કાળ (૨) ધૈર્યરૂપ (૩) પ્રમાદ કરવાથી (૪) સ્થિર સ્વરૂપ

જવાબ (ઘ) (૧) ઉભઓ કાલં (૨) ધિજ્જ (૩) પમાયાચરિયં (૪) મચલ

---

પ્રશ્ન – ૫ :ભક્તામરના આધારે લખો : ૧૫

(ક) નીચેની ગાથા ભાવાર્થ સાથે લખો : (કોઈ પણ ત્રણ) (૧૨)

(૧) સમ્પૂર્ણ...... (૨) કિં શર્વરીષુ...... (૩) મન્યે વરં..... (૪) ત્વામામનન્તિ

જવાબ (ક) *(૧) સમ્પૂર્ણ મણ્ડલ શશાંક્ક કલા કલાપ, શુભ્રા ગુણા સ્ત્રિભુવનં તવ*
*લઙઘયન્તિ યે સંશ્રિતાસ્ત્રિ જગદીશ્વર નાથ મેકં,*
*કસ્તાન્નિ વારયતિ સંચરતો યથેષ્ટમ્ ।।*

સંપૂર્ણ મંડળવાળા ચંદ્રમાની કળાના સમૂહ જેવા ઉજ્જવળ તમારા ગુણો ત્રણે જગતને ઓળંગીને વ્યાપી રહ્યા છે તેથી હે ત્રિલોકીનાથ ! જે એક જ સમર્થ સ્વામીને આશ્રયે સાચી શ્રદ્ધાથી રહેલા હોય તેવા તે ગુણોને યથેષ્ટ વિચરતા ભલા કોણ રોકી શકે ?

(૨) *કિં શર્વરીષુ શશિનાઙહ્નિ વિવસ્વતા વા? પુષ્યન્મુખેન્દુ દલિતેષુ તમસ્સુ નાથ ।*
*નિષ્પન્ન શાલિવન શાલિનિ જીવલોકે, કાર્ય કિયજ્જલ ધૈર્જલ ભાર નમ્રૈઃ।। ૧૯।।*

હે નાથ ! આપનું મુખચંદ્ર અંધકારને જ્યારે દૂર કરે છે, પછી રાત્રે ચંદ્રનું અને દિવસે સૂર્યનું શું પ્રયોજન ? પાકી ગયેલ ડાંગરના ખેતરોથી સુશોભિત બનેલા આ જગતમાં જળના ભાર વડે નમી ગયેલા વાદળાંનું શું પ્રયોજન ? કશું જ નહીં.

(૩) *મન્યે વરં હરિ હરાદ્ય એવ દૃષ્ટા દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વપિ તોપમેતિ ।*
*કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાન્તરેપિ ।।૨૧।।*

હે નાથ ! હું માનું છું કે વિષ્ણુ, શંકર આદિ દેવોને જોયા તેસારું જ થયું. કારણ કે એમને જોયા છતાં મારું મન તો આપને વિષે જ સંતોષ પામે છે. આપને જોયા પછી હવે આ લોકમાં એક વાર પણ અન્ય કોઈ દેવ મારા મનને હરી શકશે નહીં

(૪) *ત્વામામનન્તિ મુનયં પરમં પુમાસ, માદિત્ય વર્ણમમલં તમસઃ પુરસ્તાત્*
*ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યુ, નાન્યઃશિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર । પન્થા ।।૨૧।।*

હે મુનીન્દ્રા મુનિઓ ! આપને પરમ પુરૂષ, અંધકારરને દૂર કરવામાં સૂર્ય સમાન તેજસ્વી અને નિર્મળ માને છે એવા આપને જ રૂડી રીતે ભજીને મૃત્યુને જીતી જાય છે. તેથી મુક્તિપદ કલ્યાણકારી માર્ગ આપના વીતરાગ માર્ગ સિવાય બીજો કોઈ જ નથી.

(ખ) લોકમાં આપનો મહિમા સૂર્યથી પણ અધિક છે. તે ફક્ત ગાથા લખો (૩)

જ : (ખ) નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।
નામ્ભોધરોદર નિરૂદ્ધ મહાપ્રભાવઃ, સૂર્યાતિ શાયિ મહિમાઙસિમુનીન્દ્ર । લોકે ।।૧૭।।

**અથવા**

પ્રશ્ન - ૫ : ધર્મકથાના આધારે જવાબ આપો. (કોઈ પણ પાંચ) ૧૫

(૧) પાર્શ્વનાથ ભગવાન કયા કાળના કેટલામાં તીર્થંકર હતા ? અને તે કેવા હતા ?

જ:૫ (૧) પાર્શ્વનાથ ભગવાન અવસર્પિણી કાળના ૨૩મા તીર્થંકર હતા તે રાગદ્વેષના વિજેતા, નરેન્દ્ર, દેવેન્દ્રથી પૂજાયેલા તથા વંદિત, તત્વજ્ઞાની, સર્વજ્ઞ, ધર્મ-તીર્થની સ્થાપના કરવાવાળા અને સર્વ કર્મોને જીતવાવાળા પાર્શ્વનાથ ભગવાન હતા.

(૨) ગૌતમસ્વામી કોણ હતા ? કેવા હતા ? કેટલા અંગસૂત્રના જ્ઞાતા હતા ?

જ: (૨) ભગવાન વર્ધમાન મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય ગણધર ગૌતમસ્વામી હતા. તેઓ વિદ્યા, જ્ઞાન અને ચારિત્રમાં પારગામી હતા. તેઓ આચારાંગ સૂત્રથી ૧૧ અંગસૂત્રના જાણકાર, ૧૨મા દૃષ્ટિવાદ સૂત્રના જ્ઞાતા તત્ત્વજ્ઞાની હતા.

(૩) કેશીસ્વામિ અને ગૌતમસ્વામિની ચર્ચા સાંભળવા કોણ કોણ આવ્યા હતા ?

જ: (૩) કેશી ગૌતમ સ્વામિની ચર્ચા સાંભળવા અનેક મતાવલંબી પરિવ્રાજકો, કુતૂહલી લોકો, મૃગ જેવા અનેક અજ્ઞાનીઓ અને હજારો ગૃહસ્થો આવ્યા હતા તેમજ જ્યોતિષી અને વૈમાનિક દેવ-દાનવ ભવનપતિ - ગંધર્વ), યક્ષ, રાક્ષસ, કિન્નર આદિ વાણવ્યંતર દેવ પણ ત્યાં આવ્યા હતા તથા દેખાય તેવા અનેક અદશ્ય (ન દેખાય તેવા) બંને પ્રકારના દેવો ત્યાં આવ્યા હતા.

(૪) ગૌતમસ્વામિએ કષાય રૂપી ભયંકર અગ્નિને કઈ રીતે બુઝાવી છે ?

જ: (૪) ગૌતમસ્વામીએ મહામેઘથી ઉત્પન્ન થયેલું સર્વથી ઉત્તમ જળ ગ્રહણ કરીને તે અગ્નિને સતત ઠારતા હતા. મહામેઘ એટલે તે તીર્થંકર ને તીર્થંકરની આગમવાણી રૂપ પાણી તથા શ્રુત-શીલ અને તપરૂપ પાણી છાંટીને અગ્નિને શાંત કરેલી છે. આ રીતે ગૌતમ સ્વામીએ કષાયરૂપી ભયંકર અગ્નિને બુઝાવી છે.

(૫) ઉન્માર્ગ અને સન્માર્ગ કયા કયા છે ? બંને માર્ગ પર ચાલનારાની શું દશા થાય છે ? તમે કયા માર્ગ ઉપર ચાલવા ઇચ્છો છો ?

જ: (૫) ઉન્માર્ગ એટલે દુપ્રવચનને માનનારા પાસંડીયાનો માર્ગ જેના પર ચાલવાથી પ્રાણીઓ સન્માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે.

સન્માર્ગ : જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત માર્ગ તે સન્માર્ગ છે. તે માર્ગ કેવળીઓનો છે. અનેકાંતથી પરિપૂર્ણ છે. તે માર્ગે ચાલનારા પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. અમે ઉન્માર્ગને છોડીને સન્માર્ગે ચાલવા જ ઈચ્છીએ છીએ.

(૬) ગૌતમસ્વામિ મનરૂપી દોડતા ઘોડાને કઈ રીતે વશમાં રાખે છે ?

જ: (૬) ગૌતમસ્વામી મનરૂપ દોડતા ઘોડાને શ્રુતજ્ઞાનની લગામથી સમ્યક્ પ્રકારે વાંચના, પૃચ્છના, પરિયટ્ટના, ધર્મકથા અને અનુપેક્ષા રૂપ ધર્મશિક્ષાથી બાંધીને વશમાં રાખે છે.

॥ જય જિનેન્દ્ર ॥